NAVSARI AGRICULTURAL UNIVERSITY

# નવસારી કૃષિ યુનિવર્સિટી

નવસારી – ૩૯૬ ૪૫૦, ગુજરાત, ભારત

**વંચાણે લીધા:** (૧) યુનિવર્સિટીના પરિપત્ર જા.નં. નકૃયુ/રજી/પીજીટી/૨૦૮૩–૮૮/૨૦૧૦,તા.૨૭/૦૭/૨૦૧૦.
(૨) સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષશ્રીના પરિપત્ર જા.નં. નકૃયુ/સંનિ/ટી.૬/૧૩૧૧૭–૪૫/૨૦૧૧, તા.૨૯/૦૮/૨૦૧૧.

## –: પરિપત્ર :–

આથી સંબધકર્તા સર્વેને જણાવવાનું કે, નવસારી કૃષિ યુનિવર્સિટી હસ્તકની મહાવિદ્યાલયોમાં અનુસ્નાતક કક્ષાએ રેગ્યુલર અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ અભ્યાસ દરમ્યાન આ યુનિવર્સિટી ઉપરાંત અન્ય સંસ્થા, સરકારી/અર્ધસરકારી કચેરીમાં નોકરી માટે ઈન્ટરવ્યુ આપતાં હોય છે. આવા વિદ્યાર્થીઓનું સીલેકશન થતાં તેઓ તેમની નોકરીમાં હાજર થાય છે. આવા વિદ્યાર્થીઓએ નોકરીમાં હાજર થયાની તારીખથી અભ્યાસ છોડવાનો રહે છે. અનુસ્નાતક અભ્યાસક્રમોના વિનિયમ ૩.૫(સી)માં આ અંગે વિદ્યાર્થીનું રજીસ્ટ્રેશન રદ કરવાની જોગવાઈ છે.

ઉપરોકત વંચાણે લીધેલા પરિપત્રોથી આ બાબતે સંબધિત સર્વેને ઉપરોકત વિનિયમનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે તેવી જાણ કરવામાં આવેલ છે. તેમ છતાં તેનો ચુસ્તપણે અમલ કરવામાં આવતો નથી. આ વિનિયમના અમલ કરવામાં વિદ્યાર્થીના મેજરગાઈડ તેમજ આચાર્યશ્રીની કક્ષાએથી કોઈ તકેદારી રાખવામાં આવતી નથી તેવું આ કચેરીના ધ્યાન પર આવેલ છે. આથી અનુસ્નાતક કક્ષાએ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ તેમની થીસીસ સબમીટ કર્યા પહેલા ચાલુ અભ્યાસે કોઈપણ જગ્યાએ કાયમી/હંગામી ધોરણે નોકરી કરતાં હોઈ તો તે વિદ્યાર્થીના મુખ્ય માર્ગદર્શક તરીકે સદર બાબતની જાણ મેજરગાઈડ ધ્વારા તેમના આચાર્યશ્રી મારફત કુલસચિવશ્રીની કચેરી તેમજ સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષશ્રીને અચૂકપણે લેખિતમાં કરવાની રહેશે.

આ વિદ્યાર્થીઓ સંબધિત કોઈપણ પ્રશ્નો ભવિષ્યમાં ઉપસ્થિત થશે અને મુખ્ય માર્ગદર્શક ધ્વારા સદર બાબતની જાણ આચાર્યશ્રી મારફત યુનિવર્સિટી કક્ષાએ કરેલ ન હશે તો તે માટેની સંપૂર્ણ જવાબદારી તે વિદ્યાર્થીના મુખ્ય માર્ગદર્શકની રહેશે અને તેઓની સામે શિસ્ત ભંગના પગલાં લેવામાં આવશે.

કુલસચિવ

જા.નં. નકૃયુ/રજી/પરીક્ષા/પીજીટી/ ૪૬૫૪–૪૬૫૯ /૨૦૧૨
તા.૧૯/૧૦/૨૦૧૨

**નકલ સવિનય રવાના જાણ તેમજ ઘટતું થવા સારૂં :**

(૧) સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.
(૨) ડીન/આચાર્યશ્રી, ન.મ. કૃષિ મહાવિદ્યાલય, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.
(૩) ડીન/આચાર્યશ્રી, અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.
(૪) ડીન/આચાર્યશ્રી, પશુચિકિત્સા વિજ્ઞાન અને પશુપાલન મહાવિદ્યાલય, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.
(૫) ડીનશ્રી, અસ્પી એગ્રીબિઝનેસ મેનેજમેન્ટ ઈન્સ્ટીટયુટ, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.

**નકલ રવાના :**

કુલપતિશ્રીના રહસ્યસચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.